# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# સત્રાંત પરીક્ષા જાન્યુઆરી – 2013

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(M.A.)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : નવલકથાનું સ્વરૂપ **(MGT-01)**
**તારીખ** : **27/01/2013**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : દરેક પ્રશ્નના ગુણ એક સરખા છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્નઃ–1** નવલકથા સાહિત્યસ્વરૂપની સંજ્ઞા સ્પષ્ટ કરી, એનાં ઘટકતત્વો વિશે વિગતે જણાવો. **(14)**

**અથવા**

ગુજરાતી સાહિત્યમાં નવલકથાનો ઉદ્દભવ કેવી રીતે થયો? એ જણાવી એનો વિકાસક્રમ તમારા શબ્દોમાં આલેખો.

**પ્રશ્નઃ–2** ‘સરસ્વતીચંદ્ર ભાગ–૧’ને આધારે ગોવર્ધનરામને એક નવલકથાકાર તરીકે મૂલવો. **(14)**

**અથવા**

‘સરસ્વતીચંદ્ર ભાગ–૧’નું નવલકથાનાં ઘટકતત્ત્વોને આધારે મૂલ્યાંકન કરો.

**પ્રશ્નઃ–3** ‘પાટણની પ્રભુતા’નું એક ઐતિહાસિક નવલકથા તરીકે મૂલ્યાંકન કરો. **(14)**

**અથવા**

‘પાટણની પ્રભુતા’ને આધારે મુનશીને એક નવલકથાકાર તરીકે મૂલવો.

**પ્રશ્નઃ–4** ‘માનવીની ભવાઈ’નું એક જાનપદી નવલકથા તરીકે તમારા શબ્દોમાં મૂલ્યાંકન કરો. **(14)**

**અથવા**

“માનવીની ભવાઈ’ એ ભૂખ અને ભીખની કથા છે’ – આ વિધાનની સાધક બાધક ચર્ચા કરો.

**પ્રશ્નઃ–5** **ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **(14)**

1. નવલકથામાં પાત્રચિત્રણ – (પાટણની પ્રભુતા).
2. બુદ્ધિધનનું પાત્રાલેખન.
3. કર્ણદેવનું પાત્રચિત્રણ.
4. કાળુનું પાત્રચિત્રણ.

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# સત્રાંત પરીક્ષા જાન્યુઆરી - 2013

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(M.A.)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : ગુજરાતી પ્રતિનિધિ કવિતાઓ **(MGT-02)**
**તારીખ** : **29/01/2013**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : દરેક પ્રશ્નના ગુણ એક સરખા છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્નઃ–1 નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના જવાબ આપો. (28)**

1. કૃષ્ણ અને સુદામાની મૈત્રીનો મહિમા વર્ણવતું કાવ્ય તરીકે સુદામા ચરિત્રનું મૂલ્યાંકન કરો.
2. 'સુદામા ચરિત્ર'માં પ્રેમાનંદની રસસંક્રમણકલાનો પરિચય કરાવો.
3. 'અખેગીતા'નું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો.
4. 'અખેગીતા'માં અખાનું પ્રગટ થતું તત્વજ્ઞાન

**પ્રશ્નઃ–2 નીચેનામાંથી કોઈપણ બે જવાબ આપો. (28)**

1. 'પૂર્વાલાપ'માં આવતા ખંડકાવ્યોને કેન્દ્રમાં રાખી કવિ કાન્તની કવિ તરીકેની સિદ્ધિઓ અને મર્યાદાઓ ચર્ચો.
2. 'વસંતવિજય'નું ખંડકાવ્ય તરીકે મૂલ્યાંકન કરો.
3. 'ધ્વનિ' કાવ્યસંગ્રહનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો.
4. 'સપ્તપદી'ને આધારે કવિ ઉમાશંકર જોશીની કવિ તરીકેની સિદ્ધિઓ અને મર્યાદાઓ ચર્ચો.
5. 'છિન્ન ભિન્ન છું' કાવ્યની સમીક્ષા કરો.

**પ્રશ્નઃ–3 ટૂંકનોંધ લખો. (ગમે તે બે) (14)**

1. 'સુદામા ચરિત્ર'માં સુદામાનું પાત્ર
2. 'છિન્ન ભિન્ન છું' કાવ્યનો ધ્વનિ
3. 'ધ્વનિ' કાવ્યસંગ્રહમાં પ્રકૃતિ નિરૂપણ
4. 'અખેગીતા'માં દૃષ્ટાંતો

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા જાન્યુઆરી - 2013

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(M.A.)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : ગુજરાતી ભાષનું ધ્વનિતંત્ર અને રૂપતંત્ર **(MGT-03)**

**તારીખ** : **29/01/2013**

**સમય** : **11.00 to 02.00**

**સૂચના** : (1) કોઈપણ પાંચ પ્રશ્નોના ઉત્તર આપો.

(2) દરેક પ્રશ્નોના ગુણ એક સરખા છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્નઃ–1** 'ભાષા' શબ્દનો અર્થ સમજાવી એની યાદચ્છિકતા સ્પષ્ટ કરો. **(14)**

**પ્રશ્નઃ–2** 'ગુજરાતી ભાષાની ત્રીજી ભૂમિકાનો સમયગાળો દર્શાવી તેના મુખ્ય લક્ષણો ઉદાહરણ સાથે સમજાવો. **(14)**

**પ્રશ્નઃ–3** સંઘર્ષ ધ્વનિઓની ઉદાહરણ સાથે સમજ સ્પષ્ટ કરો. **(14)**

**પ્રશ્નઃ–4** સ્વર એટલે શું તે સમજાવી ગુજરાતીના સ્વરોનું ઉદાહરણ સાથે વર્ણન કરો. **(14)**

**પ્રશ્નઃ–5** ગુજરાતી ભાષાના નામપદની રચના ઉદાહરણ સાથે સમજાવો. **(14)**

**પ્રશ્નઃ–6** ક્રિયાપદનો વિસ્તાર કઈ રીતે થાય છે તે ઉદાહરણ સાથે સમજાવો. **(14)**

**પ્રશ્નઃ–7** વાકયના મુખ્ય ત્રણ લક્ષણોની ઉદાહરણો સાથે સવિસ્તાર ચર્ચા કરો. **(14)**

**પ્રશ્નઃ–8** કર્તરી, કર્મણિ અને ભાવે વાકયરચનાઓ ઉદાહરણો સાથે સમજાવો. **(14)**

**પ્રશ્નઃ–9** વાકયનો અર્થ સમજાવી તેના પ્રકારોની વિગતે ચર્ચા કરો. **(14)**

**પ્રશ્નઃ–10** **ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **(14)**

1. સંયોજકરૂપો.
2. અનુનાસિક સ્વરો.
3. શબ્દ અને રૂપ વચ્ચેનો સંબંધ.
4. દ્વન્દ્વ અને તત્પુરુષ સમાસો.

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# સત્રાંત પરીક્ષા જાન્યુઆરી - 2013

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(M.A.)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : નિબંધ **(MGT-04)**

**તારીખ** : **31/01/2013**

**સમય** : **11.00 to 02.00**

**સૂચના** : (1) પ્રશ્નોની સામે ગુણ દર્શાવેલ છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્નઃ–1 નીચેના પૈકી કોઈપણ છ પ્રશ્નોના ઉત્તર આપો. (30)**

1. ભાષા પ્રભુત્વ એટલે શું? ગુજરાતી ભાષામાં પ્રભુત્વ લાવવા માટે તમે શું કરશો?
2. સંયુકત અને સંકુલ વાકય કોને કહેવાય તે સ્પષ્ટ કરી દરેકનું એક એક ઉદાહરણ આપો.
3. અહેવાલ લેખન કરતી વખતે કઈ કઈ બાબતો લક્ષમાં લેશો?
4. નિબંધ માટેની આવશ્યક શરતો કઈ છે?
5. કોઈપણ પાંચ તળપદા શબ્દોના ઉદાહરણો આપો.
6. 'જગની સૌ કડીઓમાં સ્નેહની સર્વથી વડી' – સુન્દરમ્‌ની આ પંકિતનો વિસ્તાર કરો.
7. લખાણમાં અસરકારકતા લાવવા માટે ભાષાની કઈ સજ્જતા કેળવવી અનિવાર્ય છે?
8. પ્રકૃતિ વિષયક વસ્તુ પસંદ કરી પ્રકૃતિ નિબંધના દસ વાકયો લખો.
9. નિબંધમાં વર્ણનનું મહત્વ સમજાવો.

**પ્રશ્નઃ–2 નીચે પૈકી કોઈપણ બે વિષય ઉપર નિબંધ લખો. (40)**

1. 'વાંચે ગુજરાત' અભિયાન મારી દૃષ્ટિએ
2. ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિ
3. કલા ખાતર કલા કે જીવન ખાતર કલા ?
4. આજનું અને આવતી કાલનું ગુજરાત

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# સત્રાંત પરીક્ષા જાન્યુઆરી - 2013

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(M.A.)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : વિશેષ લેખક : સિમાચિન્હો **(MGT-05)**
**તારીખ** : **01/02/2013**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : દરેક પ્રશ્નોના ગુણ એક સરખા છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્નઃ–1** આત્મકથાનો ઉદ્દભવ–સ્વરૂપ જણાવી એની લાક્ષણિકતાઓ વર્ણવો. **(14)**

**અથવા**

આત્મકથા અને જીવનચરિત્ર વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો.

**પ્રશ્નઃ–2** "આ આત્મચરિત્રનું લેખન પ્રયોજન ઐહિક નહીં, પરંતુ આધ્યાત્મિક છે" 'સત્યના પ્રયોગો'ના આધારે આ વિધાનની સમીક્ષા કરો. **(14)**

**અથવા**

આત્મકથા સાહિત્યની પ્રતિનિધિરૂપ કૃતિ તરીકે 'સત્યના પ્રયોગો'નું મૂલ્યાંકન કરો.

**પ્રશ્નઃ–3** **ટૂંકનોંધ લખો (ગમે તે બે)** **(14)**

1. બોઅર લડાઈ
2. 'ઈન્ડિયન ઓપીનિયન'
3. મરજિયાત પરવાનાની હોળી

**પ્રશ્નઃ–4** ગાંધીજીએ ખેડેલા વિવિધ સાહિત્યકારોની ચર્ચા આલેખો. **(14)**

**અથવા**

ગુજરાતી સાહિત્યમાં ગાંધીજીનું સ્થાન સ્પષ્ટ કરો.

**પ્રશ્નઃ–5** **ટૂંકનોંધ લખો.** **(14)**

1. 'ડુંગરીચોર' – પ્રકરણની સમીક્ષા
2. 'શરમાળપણું' – મારી ઢાલ પ્રકરણની ચર્ચા
3. ગાંધીજીની આલેખન રીતિ
4. ગાંધીજીનું આત્મનિરીક્ષણ

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા જાન્યુઆરી - 2013

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(M.A.)**

નોંધણી નંબર : _______________

**પાઠયક્રમ** : સાહિત્ય મિમાંસા **(MGT-06)**
**તારીખ** : **02/02/2013**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : દરેક પ્રશ્નોના ગુણ એક સરખા છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્નઃ–1** શબ્દશકિત એટલે શું? તે જણાવી શબ્દની વિવિધ શકિતઓનો પરિચય ઉદાહરણ સાથે કરાવો. **(14)**

**અથવા**

કાવ્યનો હેતુ સમજાવી, કાવ્ય સર્જનમાં પ્રતિભાનું મહત્વ ચર્ચો.

**પ્રશ્નઃ–2** 'ધ્વનિ કાવ્યનો આત્મા છે' – આનંદવર્ધનના આ વિધાનની ચર્ચા ધ્વનિવાદને આધારે કરો. **(14)**

**અથવા**

અભિનવગુપ્તના અભિવ્યકિતવાદની વિગતે ચર્ચા કરો.

**પ્રશ્નઃ–3** ટ્રેજેડીની વ્યાખ્યા આપી, ટ્રેજેડીનાં વિવિધ અંગો વિશે ઉદાહરણ સાથે ચર્ચા કરો. **(14)**

**અથવા**

રસસૂત્રના આધારે વિવિધ આચાર્યોની રસવિચારણાની સમીક્ષા કરો.

**પ્રશ્નઃ–4** નવ્ય વિવેચન અને એના પાયાના સિદ્ધાંતો વિશે વિગતે જણાવો. **(14)**

**અથવા**

પરંપરા અને અનુસંધાન વિશે ટી. એસ. એલિયેટના વિચારો જણાવો.

**પ્રશ્નઃ–5** **ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **(14)**

1. ભટ્ટ લોલ્લટનો મત
2. અલંકાર ધ્વનિ
3. કેથાર્સીસ
4. સાધારણીકરણ

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# સત્રાંત પરીક્ષા જાન્યુઆરી - 2013

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(M.A.)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : ગુજરાતી ગદ્યનાં સિમાચિન્હો **(MGT-07)**
**તારીખ** : **03/02/2013**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : બધાજ પ્રશ્નોના ગુણ એક સરખા છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્નઃ–1** ‘સૌરાષ્ટ્રની રસધાર ભાગ-1’ ના આધારે મેઘાણીની વાર્તાકાર તરીકેની લાક્ષણિકતાઓ તપાસો **(14)**

**અથવા**

‘સૌરાષ્ટ્રની રસધાર ભાગ-1’ કૃતિનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો.

**પ્રશ્નઃ–2** ‘જનાન્તિકે’ કૃતિને આધારે સુરેશ જોષીનાં શૈશવ સ્મરણ પ્રસંગો આલેખો. **(14)**

**અથવા**

‘જનાન્તિકે’ કૃતિમાં આલેખાયેલ પ્રકૃતિતત્ત્વ વર્ણવો.

**પ્રશ્નઃ–3** ‘રાઈનો પર્વત’ કૃતિનું નાટયસ્વરૂપ લક્ષણોને આધારે મૂલ્યાંકન કરો. **(14)**

**અથવા**

‘રાઈનો પર્વત’ – સમાજસુધારણાના આશયથી લખાયું–આ વિધાનની ચર્ચા કરો.

**પ્રશ્નઃ–4** ‘મારી હકીકત’ કૃતિને આધારે નર્મદાના વ્યક્તિત્વને તપાસો. **(14)**

**અથવા**

‘મારી હકીકત’માં આલેખાયેલ તત્કાલિન સમાજનું ચિત્રણ રજૂ કરો.

**પ્રશ્નઃ–5** **ટૂંકનોધ લખો. (ગમે તે બે)** **(14)**

1. ‘સૌરાષ્ટ્રની રસધાર ભાગ-1’માં સમાજદર્શન્.
2. ‘રાઈનો પર્વત’ નાટકનો આરંભ.
3. ‘મારી હકીકત’ શીર્ષકનું ઔચિત્ય.
4. સુરેશ જોશીની ગદ્યશૈલી.

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# સત્રાંત પરીક્ષા જાન્યુઆરી - 2013

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(M.A.)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : અનુવાદ કલા **(MGT-08)**
**તારીખ** : **04/02/2013**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : દરેક પ્રશ્નોના ગુણ એક સરખા છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્નઃ–1** અનુવાદઃ કલા, વિજ્ઞાન કે કૌશલ્ય? તમારા મંતવ્યો જણાવો. **(14)**

**અથવા**

અનુવાદનું ક્ષેત્ર જણાવી, અનુવાદના પ્રકારો જણાવો.

**પ્રશ્નઃ–2** અનુવાદ એટલે શું? તે સમજાવી તેનું સ્વરૂપ સ્પષ્ટ કરો. **(14)**

**અથવા**

અનુવાદનું ભાષાવૈજ્ઞાનિક વિશ્લેષણ કઈ રીતે થાય છે? ઉદાહરણ સાથે સમજાવો.

**પ્રશ્નઃ–3** કાવ્યનો અનુવાદ કરતી વખતે કઈ કઈ બાબતો લક્ષમાં લેવી જોઈએ? **(14)**

**અથવા**

નાટકનો અનુવાદ કરતી વખતે તમે કઈ બાબતો ધ્યાનમાં લેશો?

**પ્રશ્નઃ–4** અંગ્રેજી ભાષામાંથી ગુજરાતી ભાષામાં કોઈપણ પાંચ કહેવતોનો અનુવાદ કરો. **(14)**

**અથવા**

ગુજરાતી ભાષાની કોઈપણ પાંચ કહેવતોનો હિન્દી ભાષામાં અનુવાદ કરો.

**પ્રશ્નઃ–5** **ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **(14)**

1. રૂઢિપ્રયોગોનો અનુવાદ.
2. અનુવાદમાં અર્થવિચાર.
3. અનુવાદ માટે સહાયક સાધનો.
4. અનુવાદ અને શૈલી.

---